19. विनोदपद्यानि

[સંસ્કૃત ભાષાની અનેક લાક્ષણિકતાઓ છે. જેમકે, પદાન્વય, સંધિ, સમાસ, શબ્દોની અનેકાર્થતા વગેરે. આ બધી લાક્ષણિકતાઓનો ઉપયોગ કરીને સંસ્કૃતના સુપ્રસિદ્ધ કવિઓએ પોતાની કવિતામાં અનેક પ્રકારના ચમત્કારો સર્જ્યા છે અને એ રીતે પોતાની કૃતિથી આ કવિઓએ પુષ્કળ યશ મેળવ્યો છે. ઘણા કવિઓએ તો આવા એકાદ ચમત્કારપૂર્ણ શ્લોકની રચના કરીને પોતાને અમર બનાવી દીધા છે.

આવી રચનાઓ અનેકત્ર સંગ્રહ પામી છે. તે બધા સંગ્રહોમાંથી અહીં માત્ર દસ પદ્યોને લેવામાં આવ્યાં છે. આમાંનાં પ્રથમ પાંચ પ્રહેલિકા પ્રકારનાં છે. બાકીનાં ત્રણ પદ્યો સંસ્કૃતની ઉપર જણાવેલી લાક્ષણિકતાઓનો આશ્રય લઈને જુદા-જુદા પ્રકારની અનેરી ચમત્કૃતિ રજૂ કરે છે.

પ્રસ્તુત પદ્યોના અભ્યાસથી કાવ્યાત્મક ચમત્કૃતિના રસનો આસ્વાદ તો કરીશું જ, સાથે સાથે જગતના કેટલાક પદાર્થોની ખાસિયતો, કેટલીક ઐતિહાસિક વિગતો અને અમુક નૈતિક બાબતોનો બોધ પણ મેળવીશું.]

कं संजघान कृष्णः का शीतलवाहिनी गङ्गा ।
के दारपोषणरताः कं बलवन्तं न बाधते शीतम् ॥1॥
तातेन कथितं पुत्र लेखं लिख ममाज्ञया ।
न तेन लिखितो लेखः पितुराज्ञा न लोपिता ॥2॥
सीमन्तिनीषु का शान्ता राजा कोऽभूत् गुणोत्तमः ।
विद्वद्भिः का सदा वन्द्या चात्रैवोक्तं न बुध्यते ॥3॥

व्रजन्ति पद्मानि कदा विकासं
प्रिया गते भर्तरि किं करोति ।
रात्रौ च नित्यं विरहातुरा का
सूर्योदये रोदिति चक्रवाकी ॥4॥

आदौ नकारः परतो नकारः मध्ये नकारेण हतो दकारः ।
एवं नकारत्रयसंयुतस्य का दानशक्तिः खलु नन्दनस्य ॥5॥



एको ना विंशतिः स्त्रीणां स्नानार्थं सरयुं गताः ।
विंशतिः पुनरायाताः एको व्याघ्रेण भक्षितः ॥ 6 ॥
तुरोऽहं प्रथमं हित्वा चरोऽस्मि मध्यमं विना ।
आद्यमध्यान्तिमैर्युक्तः को भवामि वदन्तु भोः ॥ 7 ॥
अहं च त्वं च राजेन्द्र लोकनाथावुभावपि ।
बहुव्रीहिरहं राजन् षष्ठीतत्पुरुषो भवान् ॥ 8 ॥

ટિપ્પણી

નામ (પુંલ્લિંગ) : लेखः લખાણ, લેખ **नकारः** વર્ણમાળાનો **'न'** વર્ણ **दकारः** વર્ણમાળાનો **'द'** વર્ણ **नन्दन** એક માણસનું નામ (આમાં આગળ અને પાછળ ન (નહીં, એવો નિષેધાર્થક) છે, વચ્ચે એક द (દાન કર - દે, એવા અર્થનો વાચક) હતો. તે પણ (नन्दन - એ શબ્દમાં) વચ્ચે આવેલા ન વર્ણથી હણાઈ ગયો છે, મરી પરવાર્યો છે. આથી નન્દન પાસે દાન કરવાની શક્તિ ક્યાંથી હોય ? અહીં આ રહસ્ય છે.) **बहुव्रीहिः** સમાસનો એક પ્રકાર **षष्ठी तत्पुरुषः** સમાસનો એક પ્રકાર.

(સ્ત્રીલિંગ) : गङ्गा ગંગા નદી **सीमन्तिनी** સેંથાવાળી સ્ત્રી, પરણેલી સ્ત્રી **प्रिया** પત્ની, કાન્તા **चक्रवाकी** ચકવાક પક્ષિણી, ચકવી **विंशति** વીસ (સંખ્યા) **सरयु** સરયુ નદી (જેના તટે અયોધ્યા છે.)

(નપુંસકલિંગ) : शीतम् ઠંડક, ઠંડી **पद्मम्** કમળ

સમાસ : गुणोत्तमः (गुणेषु उत्तमः । सप्तमी तत्पुरुष) । विरहातुरा (विरहेण आतुरा । तृतीया तत्पुरुष) सूर्योदये (सूर्यस्य उदयः सूर्योदयः, तस्मिन् । षष्ठी तत्पुरुष) । दानशक्तिः (दानस्य शक्तिः । षष्ठी तत्पुरुष) आद्यमध्यान्तिमैः (आद्यः च मध्यः च अन्तिमः च आद्यमध्यान्तिमाः, तैः । इतरेतर द्वन्द्व) । राजेन्द्रः (राज्ञाम् इन्द्रः, षष्ठी तत्पुरुष) । लोकनाथौ (बहुव्रीहिपक्षे - लोकाः (= जनाः) नाथाः (= स्वामिनः) यस्य सः - एवंविधः अहम् - निर्धनः, याचकत्वात् । षष्ठीतत्पुरुषपक्षे - लोकानाम् (= जनानाम्) नाथः (= स्वामी) - एवंविधः, त्वम् राजा, पालकत्वात् ।)

ક્રિયાપદ : પ્રથમ ગણ :

(આત્મનેપદ) **बाध् (बाधते)** પજવવું, પીડા પહોંચાડવી

ચતુર્થ ગણ : (આત્મનેપદ) **बुध् (बुध्यते)** જાણવું, બોધ થવો

વિશેષ

(1) શબ્દાર્થ : कं संजघान કોનો સંહાર કર્યો (અન્ય પક્ષમાં - કંસં જઘાન કંસનો સંહાર કર્યો) **का शीतलवाहिनी** કોણ શીતળતાનું વહન કરનારી છે. (અન્ય પક્ષમાં - કાશીતલવાહિની કાશી નગરીના તળમાં વહેનારી) **के दारपोषणरताः** કોણ પરિવારનું પોષણ કરવામાં રત છે. (અન્ય પક્ષમાં - केदारपोषणरताः કેદારનું એટલે કે ખેતરનું પોષણ કરવામાં રત) **कं बलवन्तम्** કયા બળવાળાને (અન્ય પક્ષમાં - कम्बलवन्तम् કામળાવાળાને) **न तेन** તેણે નહીં (અન્ય પક્ષમાં - नतेन નમ્ર બનેલાએ) **सीमन्तिनीषु का शान्ता** પરણેલી સ્ત્રીઓમાં કોણ શાંત છે. (ચરણનો આદિ અને અન્ત્ય વર્ણ મેળવતાં ઉત્તર બની જાય છે - સીતા । આવી જ રીતે બાકીનાં ચરણોનો ઉત્તર છે - રામ, વિદ્યા.) **अत्रैवोक्तम् न बुध्यते** અહીં જ કહી દીધું છે, છતાં

સમજાતું નથી અથવા છતાંય જણાતું નથી ? **गते भर्तरि** પતિ (પરલોકમાં) ચાલ્યો જાય છે ત્યારે **रोदिति** રડે છે. **नकारत्रयसंयुतस्य नन्दनस्य** ત્રણ નકારથી જોડાયેલા એવા નન્દનથી **एको ना विंशतिः स्त्रीणाम्** એક નર અને વીસ સ્ત્રીઓ (પક્ષમાં - एकोनविंशतिः स्त्रीणाम् સ્ત્રીઓમાંની ઓગણીસ સ્ત્રીઓ **तुरोऽहं प्रथमं हित्वा** પહેલાને છોડી દેતાં **तुर** છું. **चरोऽस्मि मध्यमं विना** મધ્યમ (વચલા) વર્ણ વગર હું **चर** ચર છું. **आद्यमध्यान्तिमैर्युक्तः** આદ્ય, મધ્ય અને અંતિમ વર્ણોથી જોડાયેલ **कः भवामि** કોણ છું ? કોણ હોઈશ ? **वदन्तु** કહો. **लोकनाथावुभावपि** આપણે બંને લોકનાથ છીએ.

(2) संधि : चात्रैवोक्तम् (च अत्र एव उक्तम्) । तुरोऽहम् (तुरः अहम्) । को भवामि (कः भवामि) । लोकनाथावुभावपि (लोकनाथौ उभौ अपि) । बहुव्रीहिरहम् (बहुव्रीहिः अहम्) ।

स्वाध्याय

1. विकल्पेभ्यः समुचितम् उत्तरं चित्वा लिखत ।

(1) कंसं कः जघान ?

(क) कृष्णः (ख) भीमः (ग) बलरामः (घ) उग्रसेनः

(2) केन कथितं पुत्र लेखं लिख इति ?

(क) कृष्णेन (ख) मित्रेण (ग) तातेन (घ) स्वयमेव

(3) राजा कः अभूत् गुणोत्तमः ?

(क) युधिष्ठिरः (ख) रामः (ग) कृष्णः (घ) विभीषणः

(4) व्रजन्ति पद्मानि कदा विकासम् ?

(क) सूर्योदये (ख) प्रातःकाले (ग) प्रभाते (घ) मध्याह्ने

(5) एकः केन भक्षितः ?

(क) सिंहेन (ख) व्याघ्रेण (ग) रोगेण (घ) ध्वनिना

2. एकवाक्येन संस्कृतभाषया उत्तरं लिखत ।

(1) पुत्रेण कस्य आज्ञा न लोपिता ?

(2) चक्रवाकी कदा विरहातुरा भवति ?

(3) प्रिया गते भर्तरि किं करोति ?

(4) नकारत्रयसंयुतस्य नन्दनस्य का नास्ति ?

(5) विद्वद्भिः का सदा वन्द्या ?

(6) शीतं कं न बाधते ?

3. निम्नलिखितानां पदानां समासप्रकारं लिखत ।

(1) गुणोत्तमः ..... (2) विरहातुरा ..... (3) सूर्योदयः .....

(4) दानशक्तिः ..... (5) लोकनाथः .....

4. प्रदत्तान् शब्दान् प्रयुज्य वाक्यानि विरचयत ।

(1) કયા બળવાળાને ઠંડી હેરાન કરતી નથી ?

(किम् बलवत् शीत न बाध् ।)

(2) રાજા રામ ગુણોત્તમ છે.

(नृप राम गुणोत्तम अस् ।)

(3) કમળ ક્યારે વિકાસ પામે છે ?

(पद्म कदा विकास व्रज् ?)

(4) આદિમાં નકાર છે અને પાછળ પણ નકાર છે.

(आदि नकार अस् परतः अपि नकार अस् ।)

(5) પહેલાને ત્યાગી દેતાં હું 'तुर' છું.

(प्रथम वि + हा + त्वा > य अस्मद् 'तुर' अस् ।)

5. मातृभाषायाम् उत्तरत ।

(1) कं संजघान कृष्णः । આ વાક્યના બે અર્થ કયા કયા છે ?

(2) નન્દન પાસે દાનશક્તિ કેમ નથી ?

(3) સ્નાન માટે વાસ્તવમાં કેટલા લોકો ગયા હતા ?

(4) રાજા અને ભિક્ષુક બંને લોકનાથ શા માટે છે ?

6. श्लोकाननुलक्ष्य यथायोग्यं संयोजयत ।

क	ख
(1) एको न विंशतिः स्त्रीणाम्	(1) चात्रैवोक्तं न बुध्यते ।
(2) बहुव्रीहिरहं राजन्	(2) स्नानार्थं सरयुं गता ।
(3) विद्वद्भिः सदा वन्द्या	(3) खलु नन्दनस्य ।
(4) तातेन कथितं पुत्र	(4) पाण्डवाः हर्षमागताः ।
(5) का दानशक्तिः	(5) षष्ठीतत्पुरुषो भवान् ।
	(6) लेखं लिख ममाज्ञया ।

પ્રવૃત્તિઓ

- અન્ય ભાષાની પ્રહેલિકાઓ એકત્ર કરો.
- લોકનાથ શબ્દના જેવા દ્વિવિધ સમાસના પ્રયોગો એકત્ર કરી તેમના અર્થોનું પત્રક તૈયાર કરો.
- એક કરતાં વધારે અર્થ ધરાવતા હોય, તેવાં સંસ્કૃત વાક્યોનો સંગ્રહ કરો.